# બાળકને શિક્ષણ સાથે સલામતી પણ આપીએ

ગઈ કાલે ઘેરથી કોલેજ જવા નીકળ્યો.. રસ્તામાં બે અનુભવ એવા થયા કે, જેને આધારે આ લેખ લખવાનું મનમાં વિચારેલ. સાંજે ઘેર આવ્યો. ટી.વી. પર સમાચારમાં ઉત્તર ભારતની બે શાળાઓમાં વિદ્યાર્થી સાથે બનેલી ઘટનાથી દિલ હચમચી ગયું. શું અનુભવ હતા કોલેજ જતા કે શું ઘટના હતી ઉત્તર ભારતની શાળાની ? કોલેજ જતાં શહેરમાં એક જગ્યાએ હું ચાર રસ્તા ઓળંગી શ્ર્યો હતો. મારી કાર ખૂબ જ ધીમી સ્પીડે ચાલતી હતી. અડધાથી પણ વધારે આગળ નીકળી ગયો હતો. ત્યાં જ જમણી બાજુથી વધારે સ્પીડમાં એક સ્કૂલવાન મારી આગળથી ખૂબ જ લાંબો ટર્ન લઈને નીકળી ગઈ ! હું તો અવાચક થઇ ગયો. કે વાનના આ ડ્રાયવરને એટલું પણ ભાન નથી કે, બાળકો ભરેલી આ વાન આ રીતે ન જ ચલાવાય. એ જ દિવસે આગળ જતા એક સ્કૂલરીક્ષાનો પણ ખરાબ અનુભવ થયો. સ્કૂલરીક્ષા રોંગ સાઈડમાં ઝડપ સાથે આવતી હતી. ખૂબ જ સાંકડો રસ્તો.. મેં કાર ઊભી રાખી, નીચે ઉતર્યો અને રીક્ષાનાં ડ્રાયવરને ખખડાવીને તેમ જ સમજાવીને કહ્યું કે, ભાઈ કેવી રીતે ચલાવો છો. બાળકોનું તો વિચારો ? ત્યારે તેનો જવાબ હતો કે સાહેબ, મોડું થાય છે એટલે. તો મોડું થતું હોય તેમાં મોટું જોખમ લેવાય ? ઉત્તર ભારતના ગુંડગાવની એક શાળામાં એક કંડકટરે બીજા ધોરણમાં ભણતા એક વિદ્યાર્થીનું ખૂન કરી નાંખ્યું. તો બીજી એક ઘટનામાં શાળાની બસ રીવર્સ થતી હતી, ત્યારે એક વિદ્યાર્થી પાછલા વ્હીલમાં આવી જતા તેનું પણ મૃત્યુ થયું. બાવળાથી અમદાવાદ આવી રહેલી એક બસને અકસ્માત નડતા, ઘણાં વિદ્યાર્થીઓ ઘાયલ થયા. ઉપરોક્ત ઘટના બે દિવસમાં જ બનેલી છે, જે તમારી અને મારી સામે આવેલી છે. પણ આપણી સામે નહિ આવેલી ઘટનાઓ તો ઘણી હશે. ત્યારે પ્રશ્ન એ થાય કે, બાળકોની સલામતીની જવાબદારી કોની અને કેટલી ? આ જ પ્રશ્ન પંદર દિવસ પહેલા આ જ કોલમમાં ‘બ્લ્યૂ વ્હેલ ‘ ગેમને લઈને સંદેશ સમાચારપત્રે સૌથી પહેલા જાગૃતતા લાવવનો પ્રયત્ન ગુજરાતમાં કરેલો. ત્યારબાદ તેના વિષે ઘણી મથામણ છેલ્લા પંદર દિવસમાં આપણને જોવા મળી છે.

વિદ્યાર્થી સાથે કોઈ આકસ્મિક ઘટના બને ત્યારે બે દિવસ મીડિયા, સમાજ, શાળા-કોલેજો વગેરે ચર્ચાના કેન્દ્રો બની જાય છે, એ બે દિવસમાં આપણે સૌ કહી છીએ કે આમ કરવું જોઈએ ને તેમ કરવું જોઈએ. પણ એ બે દિવસ બાદ આપણે બધાં બધું જ ભૂલી જઈએ છીએ. જે આપણને ખાતરી આપે છે કે, આવી ઘટના ભવિષ્યમાં બનતી જ રહેશે. વિદ્યાર્થીઓ સાથે વિવિધ પ્રકારની આકસ્મિક ઘટનાઓ બને છે અને બનતી પણ રહેશે. પણ જો ચોક્કસ દિશાના સનિષ્ઠ પ્રયત્ન કરવામાં આવે તો ઘણી ઘટનાઓ અટકાવી શકાય. આ પ્રયત્નો કોંને કરવાના ? કોની જવાબદારી ? તો તેનો જવાબ છે કે, આ પ્રયત્નો કોઈ એક કરશે તો નહિ ચાલે. તે માટે સરકાર, શાળા, સમાજ, વાલી અને ખુદ વિદ્યાર્થીએ પણ કરવા પડશે. આજે ભાર વગરના ભણતરની મોટી મોટી વાતો આપણે કરી રહ્યા છીએ, ત્યારે હકીકતમાં ભણતર એટલું ભાર વાળું થઇ ગયું છે કે, ઉપરોક્ત બધાં અંગો એટલા તો બીઝી બની ગયા છે કે, કોઈને વિદ્યાર્થીની સલામતીની ચિંતા થતી જ નથી. થાય તો ઘટના બને પછી ! શાળાઓની સંખ્યા વધે છે, સાક્ષરતાનું પ્રમાણ વધે છે, પણ સલામતી ઘટે છે તે વળી કેવું શિક્ષણ ? હકીકતમાં સલામતી એ શિક્ષણનો એક ભાગ હોવી જોઈએ. શું કરવું અને શું ના કરવું તે બાળકને ઘરમાં અને શાળામાં શીખવવું જોઈએ. બાળકની કે આપણી પોતાની સલામતી માટે આપણે કેટલા ગંભીર છીએ ? સીટબેલ્ટ બાંધીને આપણા જીવને બચાવવા માટે પોલીસે આપણને દંડ કરવો પડે તે આપણા માટે શરમજનક બાબત નથી ? બાળકો આપણું જોઇને પણ ઘણું બધું શીખે છે.

આજે શાળા-કોલેજોમાં વિદ્યાર્થી સંખ્યા વધી રહી છે, ત્યારે એક આચાર્ય ઉપર કેટલી જવાબદારી નાખશો. હા, આચાર્ય વહીવટી વડા છે, પણ દર સેકન્ડે દરેક જગ્યાએ એ ધ્યાન આપી શકવાના નથી, ત્યારે બનતી કોઈ ઘટના માટે તેને જવાબદાર ઠેરવી સસ્પેન્ડ કરવા તે શું ચોક્કસ ઉપાય છે ? હકીકતમાં દરેક શાળા-કોલેજોમાં આચાર્ય , શિક્ષક, ક્લાર્ક કે પટાવાળા હોય છે તેમ, હવેના સમયની માંગ મુજબ દરેક શાળામાં વિદ્યાર્થી માટે ' કેર ટેકર' પણ રાખવા જોઈએ. શિક્ષક કે આચાર્ય બધી જ બાબતો પર પૂરતું ધ્યાન નહિ આપી શકે, તે વાસ્તવિકતાનો સ્વીકાર કરી તેમને મદદરૂપ થઇ શકે તે માટે શાળા-કોલેજોમાં ' કેર ટેકર'ની પોસ્ટ ઉભી કરવી જોઈએ. જેની શરૂઆત ખાનગી સંસ્થાઓએ જ કરવી પડશે. કારણકે, આપણી સરકારમાં એટલો દમ નથી અને એટલી નિષ્ઠા પણ નથી કે જે આ કામ માટે નેતૃત્વ લઇ શકે. આપણી સરકાર જ્યાં પૂરતા શિક્ષકો નથી આપી શકતી તે બાળકોની સલામતી માટે ' કેર ટેકર ' આપશે તે અપેક્ષા જ ખોટી છે. હા.... ખાનગી સંસ્થાઓ શરૂઆત કરે તેમનું જોઇને સરકાર કરે તો આપણા નસીબ ! આમછતાં સરકારે અને સંસ્થાએ ચોક્કસ નિયમો બનાવવા જોઈએ અને તે નિયમોનું ચૂસ્તપણે પાલન થાય તે માટેના દેખરેખ સાથેના પ્રયત્નો કરવા પડે. મોટાભાગે એવું બને છે કે, કોઈ ઘટના બને પછી સરકાર કહે કે, તેને નિયમોનું પાલન કર્યું નહતું, દોષિત સામે પગલાં લેવાશે વગેરે, એમાં પણ ક્યારેક રાજકારણ આવી જાય.પણ સરકાર અને સંસ્થા એ કેમ નથી સમજતા કે, ઘટના બન્યા પછી પગલાં લેવાં એના કરતા ઘટના ના બને તે માટેના પગલાં લેવા તે વધુ યોગ્ય અને ડહાપણભર્યું છે. અત્યારે પણ ઘણાં નિયમો છે જ. છતાં ઘટનાઓમાં વધારો થતો જ જાય છે, ત્યારે નિયમની સાથે ભય કે નિષ્ઠા પણ ઊભા કરવાં પડશે. જેથી નિયમ વિરુદ્ધનું કામ થાય નહિ અને અજૂગતી કોઈ ઘટના બને નહિ. અહી સરકાર અને શાળા એકલા દોષિત નથી. વાલીઓ પણ એટલા જ દોષિત છે. પોતાના બાળકની સલામતીની સૌથી વધારે ચિંતા વાલીએ જ કરવી પડે. આજે સ્કૂલરીક્ષા કે સ્કૂલવાનમાં કેટલા બાળકોને કેવી રીતે બેસાડવામાં આવે છે છતાં કોઈ વાલી કશું જ બોલે છે ? બાળક શું ખાય છે એની પણ નોધ રાખો. કોની સાથે ફરે છે કે બેસે છે, ઘરમાં કોની વાતો વધુ કરે છે વગેરે પર ધ્યાન આપો, જરૂર જણાય ત્યાં તપાસ કરો. બાળકની સલામતીની જવાબદારી કોઈ એકની નથી.. શાળા – વાલી – સરકાર – સમાજ બધાએ સાથે મળીને કામ કરવું પડશે. એકબીજા પર દોષનો ટોપલો ઢોળવાથી સલામતી વધી નહિ જાય. હકીકતમાં ભૂલ એકની હોય છે, પણ સહન કરવાનું અનેકાનેકને આવે છે. માટે જ વાતાવરણ અને નિષ્ઠા એવા ઊભા કરીએ કે , કોઈ ભૂલ કરવાનું વિચારે જ નહિ. અંતે ઓસ્ટ્રેલિયામાં જોયેલા દ્રશ્યો. ઓસ્ટ્રેલિયામાં શાળા છૂટે ત્યારે મોટાભાગના ચાર રસ્તા પર, એમાં પણ જ્યાં લાઈટ ના હોય ત્યાં તો ખાસ સ્વયંસેવકો આવી જાય છે. સ્વયંસેવક તરીકે નિવૃત્ત થયેલ કે ગૃહિણી વધારે જોવા મળ્યાં. જેઓ ચાર રસ્તા પરથી બાળકોને રસ્તો ક્રોસ કરાવે છે. એમાંપણ ચાર રસ્તા પર લાઈટ ના હોવાથી આ સ્વયંસેવકો કોઈ વાહનને ઊભું રાખવા સંકેત કરે તો દરેક વાહન ઊભા રહી જાય છે. ( અને આપણે ત્યાં શું થાય ?). ઉપરાંત ત્યાં શાળા શરૂ થાય ત્યારે અને છૂટે ત્યારે ચોક્કસ સમય માટે સ્કૂલ ઝોનમાં વાહનોની ગતિ પર મર્યાદા મૂકાઈ જાય છે. જેનું લોકો સંપૂર્ણ પાલન કરે છે. ત્યાં બાળકોને લઇ જતાં વાહનોમાં સીટબેલ્ટ બાંધવો ફરજીયાત છે અને અન્ય વાહને અમુક અંતર રાખીને વાહન ચલાવવાનું હોય છે. અંતે વાલી અને સરકારને એક સવાલ. તમે જેટલો રસ ફી ઘટાડવા માટે લીધો, આંદોલનો કર્યા, કોર્ટમાં ગયા વગેરે તેટલો રસ બાળકની સલામતી માટે કેમ નથી લેતા ? હજું મોડું થયું નથી. જાગ્યા ત્યારથી સવાર.